# મૂળીબાઈ સાર્વજનિક મહિલા પુસ્તકાલય અને મહિલા મંડળ

બારોટ મયંકકુમાર ઠાકોરલાલ

પીએચ.ડી સ્ટુડન્ટ, ઈતિહાસ વિભાગ

મહિલા મંડળ અને મૂળીબાઈ સાર્વજનિક મહિલા પુસ્તકાલયની સ્થાપના ઈ.સ.૧૯૩૦ માં થઈ. આ સંસ્થા પાટણની પહેલી સંસ્થા હતી જે મહિલાઓ સાથે સંકળાયેલી હતી. આ સંસ્થાની સ્થાપના ૨૬ મી જાન્યુઆરી ઈ.સ.૧૯૩૦ ના રોજ જ્ઞાનબાઈ પ્રસુતિ ગૃહના લેડી ડૉકટર મિ.સ.ડી.એચ.બા ના પ્રમુખ પદે અને શ્રી મેનાબેન યજમશીભાઈ મોદીના શુભ હસ્તે એક મહિલા મંડળ તેમજ પુસ્તકાલયની સ્થાપના કરવામાં આવી હતી. આ મંડળના પ્રથમ પ્રમુખ પદે મિસ બાના ત્યારબાદ તેમના અનુગામી ડૉ.મિ.સ.જી.એમ. બિમયે આવ્યા હતા. તેમની સાથે મંત્રી તરીકે શ્રીમતી મોતીબેન ચીમનલાલ પરીખે સંસ્થાના પ્રમુખપદે રહીને સંસ્થાનો વિકાસ કર્યો હતો. પ્રમુખ શીલાબેન એ.પરીખ, ઉપપ્રમુખ શર્મિષ્ઠાબેન એમ.ખમાર, મંત્રી ચારૂબેન ડી. છાટબાર અને સહમંત્રી તરીકે ઉર્વશીબેન એસ.ચોકસી એ પોતાની અમૂલ્ય સેવા આપી હતી. આમ આ સંસ્થાનો વહીવટ માત્ર સ્ત્રીઓ દ્વારા જ કરવામાં આવ્યો અને સ્ત્રીશકિતને આગળ લાવવા માટે પ્રયત્નો થતા હતા. આમ આ સંસ્થામાં સ્ત્રી પ્રતિનિધિત્વ દ્વારા સંસ્થાનો વહીવટ થતો હતો.૧

સ્થાપના અને વિકાસ :-

તે સમયે પાટણમાં એક પુસ્તકાલય પરિષદ ભરવાનું નક્કી થયું. તે સમયે મહિલા પુસ્તકાલય પાટણમાં ન હોતું તે ચણપને પૂરી કરવા માહે ૨-૧-૧૯૩૦ ના રોજ એક મહિલા પુસ્તકાલયની સ્થાપના કરવામાં આવી. તે સમયે સ્ત્રીઓના સર્વદેશીય વિકાસ માટે પુસ્તકાલય પૂરતુ ન હતું. તેથી એક સ્ત્રી સંગઠનની પણ જરૂર જણાઈ અને તા.૨૬-૧-૧૯૩૦ ના રોજ મહિલા મંડળની સ્થાપના કરવામાં આવી. શરૂઆતમાં સંસ્થા પાસે પોતાનું મકાન ન હોવાથી તે સોનીવાડામાં આવેલ કિન્ડર-ગાર્ડન શાળામાં આ પુસ્તકાલય ચાલતું હતું. ત્યારબાદ ત્રણેક વર્ષ પછી શ્રી મૂળીબાઈ ટ્રસ્ટ તરફથી રૂા.૭૦૦૦ નું દાન મળ્યું તેમાં મહેસાણા પંચાયતે રૂા.૭૦૦૦ અને શ્રીમંત ગાયકવાડ સરકારશ્રીએ રૂા.૭૦૦૦ ઉમેરાયા એમ કુલ રૂા.૨૧૦૦૦ ની રકમમાંથી સંસ્થાનું મકાન બાંધવામાં આવ્યું. આ પુસ્તકાલયનું નવીન મકાન બજારની મધ્યમાં બાબુના બંગલાની સામે આજે પણ આવેલ છે અને તેમાં વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવે છે.

આમ આ મહિલા મંડળને ગાંધી રસિકલાલ ચંદુલાલ તરફથી તેમની માતા મૂળીબાઈના નામે સંસ્થાને દાન મળ્યું હતું. તેની આ સંસ્થાનું નામ “શ્રીમૂળબાઈ સાર્વજનિક મહિલા

પુસ્તકાલય" નામ આપવામાં આવ્યું હતું. તે સમયે સ્ત્રીઓ અને બાળાઓમાં ભણવાની ધગશ ઓછી હતી અને જો ધશગ હતી તો સગવડ ન હતી. ત્યાં આ ધગશને જાળવી રાખવા માટે સંસ્થાના સભ્યો ઘરે ઘરે ફરીને બહેનોને ભણવા લાગતા તેમજ શિક્ષકો દ્વારા વોલન્ટરી સર્વિસ આતા અને દરેક મહોલ્લે લાયબ્રેરી દ્વારા ઘરે ઘરે પુસ્તકો પહોંચાડીને મહિલાઓની વાંચનની ભૂખ જગાડવામાં આવતી હતી.૨

મહિલા પુસ્તકાલય અને તેની પ્રવૃતિઓ ::-

આમ મહિલા મંડળ દ્વારા મહિલા પુસ્તકાલય પણ ચલાવવામાં આવતું હતું. આ મહિલા પુસ્તકાલયની સ્થાપના તા.૨-૧-૧૯૩૦ ના રોજ કરવામાં આવી હતી

વાંચન દ્વારા વિચાર કેળવાય છે. વાંચન એ માનસિક કેળવણી અને સંસ્કાર ઘડતરનો રભે છે. ભુદાન પ્રણેતા શ્રી વિનોબાજી જણાવે છે કે,

"વાંચન એ એક શકિત છે તો વાંચન એ વિચારને વિકસાવવાનું કેન્દ્ર બીજ છે."

જયારે વાંચન વિશે વૈજ્ઞાનિક એડિસન જણાવે છે કે.....

"કસરતથી જે લાભ શરીરને મળે છે તે લાભ વાંચનથી મગજને મળે છે."

આમ બદલાતા જતાં સમાજ અને દુનિયાની માહિતી મેળવવા માટે વાંચન જરૂરી છે. એ જાણીને આ મહિલા મંડળે વાંચનાલયની પ્રવૃતિ શરૂ કરી હતી. આમ આ પુસ્તકાલયનું સંચાલન પાટણની સ્ત્રીઓ દ્વારા જ કરવામાં આવતું હતું.

આમ દિન-પ્રતિદિન તેનો વિકાસ થવા લાગ્યો અને પાટણની વધુને વધુ સ્ત્રીઓ પુસ્તકાલયને લાભ લેતી હતી. શરૂઆતના વર્ષોમાં હરતી - ફરતી લાયબ્રેરી (મોબાઈલ-લાયબ્રેરી) દ્વારા ઘરે ઘરે પુસ્તકો પહોંચાડવામાં આવતા હતા.

આ પુસ્તકાલય સ્ત્રીઓની સાથે સાથે બાળકો માટે બાળ પુસ્તકાલય પ ચલાવવામાં આવે છે. જેમાં બાળકો માટે ૮૧૮ પુસ્તકો બે અઠવાડિયા, એ પાક્ષિક અને બે માસિક પણ મંગાવવામાં આવે છે.જેમાં એક મિનિટની રમત, વાર્તા કહેવાની સ્પર્ધા, દિવાલ પર ચિત્રલેખન જેવી સ્પર્ધાઓ પણ આજે પણ કરવામાં આવે છે. જયારે મહિલાઓ માટે પણ પુસ્તકો ઉપરાંત બે દૈનિક, ચાર અઠવાડિક, ચાર પાક્ષિક અને ચાર માસિક સામાયિકો પણ મંગાવવામાં આવે છે તેમજ પુસ્તકાલયની સાથે સાથે મહેંદી સ્પર્ધા, વાળ-ગૂંથવાની સ્પર્ધા, સંગીત વાંચકોને અનુકૂળને ૧૧ થી ૬ નો રાખવામાં આવ્યો છે અને આ પુસ્તકાલયમાં મહિલાઓ માટે વાર્ષિક

સભય ફી રૂ.૩૦ રાખવામાં આવી છે. આ પુસ્તકાલયમાં વિવિધ ભાષાઓના ૨૭૩૭ પુસ્તકોનો સંગ્રહ હતો તેમાં ગુજરાતીમાં ૨૪૩૭, મરાઠીમાં ૨૧૦ અને હિંદીમાં ૪૯, અંગ્રેજીમાં ૪૦ પુસ્તકો હતા. હાલના સમયે આ પુસ્તકાલયમાં ૫૦૦૦ પુસ્તકોનો સમાવેશ થાય છે.૩

બાળવાડી ::-

આમ મહિલા મંડળ દ્વારા બાળકોના વિકાસ માટે પણ પ્રવૃતિઓ કરવામાં આવે છે. કારણ કે આજનું બાળક એ આવતી કાલનો નાગરિક છે. સમાજનું નવનિર્માણ અને ઉત્કર્ષનો આધાર બાળકોના ઉત્કર્ષ પર રહેલો છે.

“કુમળો છોડ વાળિયે તેમ વળે” આ જાણીને બાળક નાનપણથી જ સારા સંસ્કાર, શિક્ષણ મળે તે હેતુથી આ સંસ્થા દ્વારા એક બાવાડીનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકોને ગમ્મત આવે, જ્ઞાન મળી રહે તે માટે ગમ્મત જુદા-જુદા સાધનોની મદદથી તેમની શકિતનો વિકાસ સાધવામાં આવે અને બાળકોને પોષણ મળે તે માટે હરરોજ ગરમ પોષ્ટિક નાસ્તો પણ આપવામાં આવતો હતો. સાથે સાથે રમતગમતની હરીફાઈઓ દ્વારા પણ બાળકોમાં શારીરિક શકિત ખીલવી, ખેલદિલી સિંચવાના પણ પ્રયાસો કરવામં આવતા હતા અને તે સમયે ડૉ.હિમતભાઈ ઝવેરી દ્વારા બાળકોની મફત શારીરિક તપાસ પણ કરવામાં આવતી હતી. આ બાળકોના વિકાસ માટે પણ આ સંસ્થા દ્વારા પ્રયાસો કરવામાં આવતા હતા.૪

શિવણ વર્ગો-ભરત કામના વર્ગો ::-

આજના યુગમાં મહિલાઓએ પણ સામાજિક જીવનમાં મહત્વની ભૂમિકા ભજવવાની હોય છે. સ્ત્રી એક માતા છે સાથે સાથે ગૃહજીવનની અધિનકાત્રી છે. આજના આર્થિક જીવનની વધતી જતી જવાબદારીમાં પુરૂષોને સાથ આપવાનું કાર્ય પણ કરવાનું હોય છે. આમ સ્ત્રીઓ પણ પુરૂષોને આર્થિક પ્રવૃતિઓમાં મદદ કરે તેના માટે પણ મહિલા મંડળ દ્વારા પ્રવૃતિઓ કરવામાં આવતી હતી.

આમ આ સંસ્થા દ્વારા ટેકનિકલ શિક્ષણ બોર્ડ તરફથી ત્રણ વર્ષીય અભ્યાસક્રમનો ટીચર ટ્રેઈનીંગનો કોર્સ ચલાવવામાં આવતો હતો. આમ આ અભ્યાસ પૂર્ણ થયે સર્ટિફિકેટ આપવામાં આવતું હતું. આમ અભ્યાસક્રમ મળેવેલ બહેનો બીજી શૈક્ષણિક સંસ્થામાં નોકરી મેળવી શકે અને આ અભ્યાસક્રમ ગુજરાત રાજય ટેકનિકલ એજ્યુકેશન બોર્ડ દ્વારા ચલાવવામાં આવતો હતો.

ઈ.સ.૧૯૮૫-૮૬ ના વર્ષ માં રોજગાર તાલીમ યોજના હેઠળ ઈન્ડકશન ટેલરીંગ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ૧૬ થી ૨૧ વર્ષની બહેનોને તાલીમ અપવામાં આવતી

હતી અને શિવણ કામ શિખવવામાં આવતું હતું. શિવણકામ ઉપરાંત ભરતગૂંથણના વર્ગો પણ ચલાવવામાં આવતા હતા. ઘરગથ્થું જીવનની દૈનિક જરૂરીયાતો જેવી કે ટેબલ-કલોથ, બટવા, વોલ-પીસીસ, રમકડાં, નેટની કિનારો, ઉના ગૂંથેલા સ્વેટર્સ, ગૃહ સુશોભનની વસ્તુઓ બનાવતાં શિખવવામાં આવતી હતી.

સાંસ્કૃતિક-સામાજિક પ્રવૃતિઓ ::-

મંડળની બહેનો એકબીજાથી નજીક આવે, એકબીજાથી પરિચિત થાય તે હેતુથી દર વરસે એક ચજણી તથા પાટણની બહાર પ્રવાસનું આયોજન કરવામાં આવતું તેમજ દર વર્ષે આસો સુદ-૧૨ ના રોજ ગરબાનું પણ આયોજન કરવામાં આવતું અને મહિલા મંડળની બહેનો તેમાં ભાગ લેતી અને ગરબા ગાયી આનંદ મેળવતી હતી અને સમૂહમાં નાસ્તો પણ કરતા હતા.

ઘોડિયા ઘર ::-

મહિલા મડળ દ્વારા ઘોડિયા ઘર પણ ચલાવવામાં આવતું હતું. કારણ કે તે ચલાવવા પાછળ તેમનો હેતુ એવો હતો કે ઓછી આવકવાળા કુટુંબોની બહેનો પોતાના બાળકો ઘરે મૂકીને આર્થિક પ્રવૃતિ કરવા બહાર જાય તો તે બાળકોને રાખનાર કોઈ ન હોય ત્યારે મુશ્કેલી પડતી હતી. આથી આવા કુટુંબો માટે મહિલા મંડળ દ્વારા એક ઘોડિયા ઘર બનાવવામાં આવ્યું. જેમાં ૧ માસથી ૫ વર્ષ સુધીના બાળકોને રાખવામાં અને સાચવવામાં આવતા હતા. અને તેની ફ્રી પણ લેવામાં આવતી હતી.૫

-:: સંદર્ભ સૂચિ ::-

૧. મૂળીબાઈ સાર્વજનિક મહિલા પુસ્તકાલય અને મહિલા મંડળ સ્મૃતિગ્રંથ (૧૯૩૦ - ૧૯૮૭) પ્રકાશક શ્રીમતી ચારૂબેન ડી. છાટબાર મંત્રી મહિલા મંડળ, ઈ.સ.૧૯૮, પૃઠ-૬,૭

૨. ઓઝા કોમલ જી. "પાટણના આર્થિક અને શૈક્ષણિક વિકાસમાં નગર શ્રેષ્ઠીઓનો ફાળો" કેસ સ્ટડી એમ.ફિલ. વિભાગ, હેમ. ઉ.ગુ.યુનિવર્સિટી, પાટણ, ઈ.સ.૨૦૧૧-૧૨, પૃષ્ઠ-૩૨

૩. શ્રી પાટણ જૈન મંડળ ભભસુર્વણ જયંતિ મહોત્સવ અંક" પ્રકાશક-શ્રી પાટણ જૈન મંડળ, પાટણ, ઈ.સ.૧૯૬૪, પૃષ્ઠ-૧૮૮

૪. રૂબરૂ મુલાકાત પંચાલ મીનાબેન મૂળીબેન સાર્વજનિક પુસ્તકાલય, તા.૨૨-૦૫-૨૦૧૩

૫. પૂર્વોકત, સ્મૃતિગ્રંથ, પૃષ્ઠ-૧૨